## (ધોરણ 6 પ્રવેશ પરીક્ષા માટે) ગુજરાતી - પ્રશ્નબેંક

| | | | | |
|---|---|---|---|---|
| (1) | બે શબ્દો વડે બનેલ શબ્દ શોધો. | | | |
| | (A) અભિનેતા | (B) પહેરેગીર | (C) મેઘાડંબર | (D) ટીમણ |
| (2) | પપ્પાના દાદાનો દીકરો તમારે શું થાય ? | | | |
| | (A) મામા | (B) પપ્પા | (C) ભાઈ | (D) દાદા |
| (3) | બિલાડી છાનીમાની આવી બધું દૂધ સફાચટ કરી ગઈ. લીટી દોરેલ શબ્દનો અર્થ શોધો. | | | |
| | (A) સાફ કરી જવું | (B) ફટાફટ | (C) ભાગી જવું | (D) ચોરપગલે |
| (4) | ચલ નીચે ઉતર! મારે તારા જોડે વાત જ કરવી નથી. વાક્યમાં ક્યો ભાવ રહેલો છે? | | | |
| | (A) દુઃખ | (B) ભય | (C) ગુસ્સો | (D) ઠપકો |
| (5) | કૌંસમાં આપેલ જવાબના આધારે યોગ્ય પ્રશ્ન શબ્દ મૂકી ખાલી જગ્યામાં લખો .<br>.................... જન્મદિવસ પર ઘણી ભેટ મળી? (મારા) | | | |
| | (A) કોના | (B) તારા | (C) ક્યારે | (D) શું |
| (6) | વાર્તાના વર્ણનના આધારે સાચી જોડ શોધો | | | |
| | (A) ફિયોના- ચબરાક | (B) બોધારાજ-બીકણ | (C) મિન્ટુ –જીદ્દી | (D) તલ્લી- બહાદુર |
| | વાક્ય વાંચી પ્રશ્નોના જવાબ આપો. (પ્રશ્ન 7 થી 10)<br>સ્મિતાએ શૈલીને પૂછ્યું, “તારે ભણવામાં મારી કોઈ મદદની જરૂર ખરી? હું નિપુણને દાખલા શીખવું છું.” | | | |
| (7) | કોને ....... | | | |
| | (A) સ્મિતા | (B) શૈલી | (C) તારે | (D) હું |
| (8) | કોણે ?.... | | | |
| | (A) સ્મિતા | (B) શૈલી | (C) નિપુણ | (D) હું |
| (9) | અહી “તારે” એટલે કોણ? | | | |
| | (A) સ્મિતા | (B) શૈલી | (C) નિપુણ | (D) હું |
| (10) | શેમાં .....? | | | |
| | (A) દાખલામાં | (B) ભણવામાં | (C) મદદ | (D) પૂછવામાં |
| (11) | “ધબ્બા લગાવ્યા” નો સાચો અર્થ કયો? | | | |
| | (A) લાફા માર્યા | (B) થપ્પા માર્યા | (C) તમાચો માર્યો | (D) થાપટ મારી |
| (12) | “વરસાદ” શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો. | | | |
| | (A) પર્જન્ય | (B) ફોરાં | (C) પાણી | (D) વાદળ |

| | | | | |
|---|---|---|---|---|
| | ફકરાના આધારે પ્રશ્ન નંબર 13 થી 15ના ઉત્તર આપો.<br>પદ્મશ્રી પુરસ્કાર વિતરણ સમારોહમાં ભવન ખાતે પધારવા આમંત્રણ અપાયું. પુરસ્કાર ગ્રહણ કરવા માટે એક દાદીમાને રાષ્ટ્રપતિ ભવન ખાતે પધારવા આમંત્રણ આપવામાં આવ્યું. બધાંએ કૌતુક જોયું.પદ્મ પુરસ્કાર લેવા માટે ચંપલ પહેર્યા વગર ખુલ્લા પગે દાદીમા તો રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યાં હતાં! સમાચારમાં આવ્યું કે કર્ણાટકમાં હુલિકલ અને કુદુર વચ્ચેના ચાર કિલોમીટરના રસ્તા પર 385 વટવૃક્ષનું વાવેતર કરનારાં અને સંભાળ લેનારાં તેમજ 8000 અન્ય વૃક્ષો વાવનારાં 107 વર્ષનાં શ્રી સાલુમરદા થીમક્કાને રાષ્ટ્રપતિએ પદ્મશ્રી ઍવૉર્ડથી નવાજ્યાં. | | | |
| (13) | પુરસ્કાર એટલે શું ? | | | |
| | (A) પદ્મશ્રી | (B) પૈસા | (C) ભેટ | (D) ઈનામ |
| (14) | કૌતુક શેનું હતું? | | | |
| | (A) દાદીમાને પુરસ્કાર મળ્યું તેનું<br>(B) દાદીમાને રાષ્ટ્રપતિભવન બોલાવ્યા તેનું | | (C) વૃક્ષો વધુ વાવ્યા હતા એટલે.<br>(Dદાદીમા ખુલ્લા પગે રાષ્ટ્રપતિભવન ગયા હતા તેનું . | |
| (15) | (A) "પદ્મશ્રી એવોર્ડથી નવાજ્યા" લીટીવાળા શબ્દનો અર્થ શોધો. | | | |
| | (A) સન્માન | (B) ભેટ | (C) ઈનામ | (D) આમંત્રણ |
| (16) | સાચું વાક્ય શોધો . | | | |
| | (A) વેઠ કરવી – ઘરકામ કરીને મમ્મી રોજ શું મજા આવતી હશે?<br>(B) અંકુશમાં રાખવું – ઐરાવત હાથીને કાબુમાં રાખવા કોંતાર નો ઉપયોગ કરે છે.<br>(C) બથ ભરવી - ખોબો ભરીને બોર ખાધા .<br>(D) તરભાણું – ઓહો! તમારાં ભાણામાં તો કેટ કેટલી અવનવી વાનગીઓ છે? | | | |
| (17) | નીચેના વાક્યમાંથી બહુવચન વાળું વાક્ય શોધો . | | | |
| | (A) મેં માળા પહેરી<br>(B) અમારા ખેતરમાં આંબલીના ઝાડ છે. | | (C) મને રસ્તામાં કાચબો મળ્યો.<br>(D) મેં આજે શબ્દ્બેંક જોઈ. | |
| (18) | એકવાર માધવ સુખડી ખાઈ રહ્યો હતો. વાક્યમાં માધવની જગ્યાએ સાધવીનું નામ લખીએ તો વાક્યમાંથી કેટલા શબ્દોમાં ફેરફાર થશે? | | | |
| | (A) એક | (B) બે | (C) ત્રણ | (D) ચાર |
| (19) | ગામની એક કાળી બિલાડી ......................છે . તે રોજ નીતનવા ખેલ કરે છે. | | | |
| | (A) કરતબબાજ | (B) મોટી | (C) જાડી | (D) માંજરી |
| (20) | ................. રસ્તો ઓળંગવો જોઈએ. નહિ તો અકસ્માત થવો સંભવ છે. | | | |
| | (A) અચોકસાઈથી | (B) ચપળતાથી | (C) ફટાફટ | (D) સાવધાનીપૂર્વક |
| (21) | અહિ ધુમ્રપાન કરવું નહિ કરનાર દંડને પાત્ર છે. વાક્ય માં "," (અલ્પવિરામ ) ચિહ્ન કયા શબ્દ પછી મૂકી શકાય . | | | |
| | (A) કરવું | (B) નહિ | (C) કરનાર | (D) અહીં |

| | | | | |
|---|---|---|---|---|
| (22) | શબ્દ સાથે વાક્યની ખોટી જોડ લખાઈ ગઈ છે તે ખોટી જોડ શોધો | | | |
| | (A) ચોરપગલે - વાડીમાં પેઠાં.<br>(B) તાબડતોબ - ડોક્ટર બોલાવ્યા | | (C) એકાએક - વાવાઝોડું આવ્યું.<br>(D) સાવધાનીપૂર્વક - પ્રશ્નોના જવાબ લખ્યા. | |
| (23) | આજે તે રમવા મોડી આવશે .................તેને ઘરે કામ છે. | | | |
| | (A) કેમ કે | (B) પછી | (C) એટલે | (D) પરંતુ |
| (24) | કુંજામાં નહીવત પાણી હતું ..............તરસ્યા કાગડાએ તેમાં કાંકરા નાખ્યા . | | | |
| | (A) અને | (B) કારણ કે | (C) એટલે | (D) પણ |
| (25) | કાગડાને રાજાજીના હુકમ પ્રમાણે ગારામાં નાખવામાં આવ્યો. પછી શું થયું હશે ? | | | |
| | (A) કાગડો તરવા લાગ્યો.<br>(B) રાજાજીને નવાઈ લાગી. | | (C) રાજા ગુસ્સે થયા.<br>(D) કાગડાભાઈ તો ગારો ખુંદતા ખુંદતા આનંદ કરવા લાગ્યા. | |
| (26) | ઉનાળે અને શિયાળે નીપજે. ચોમાસે પાણીમાં જાય . નહિ થડ નહિ ડાળી પાંખડી વરણ અઢારે ખાય. | | | |
| | (A) આદુ | (B) મીઠું | (C) ડુંગળી | (D) ખાંડ |
| (27) | "ઝાડને ઉછરતા મારી નાખું ઈ મારાથી નો ખમાય." વાક્યના નજીકનો અર્થ કયો છે. | | | |
| | (A) ઝાડને મોટા થતા હું નહિ જોઈ શકું .<br>(B) ઝાડને મારી નાંખવા મને નહિ ગમે .<br>(C) ઝાડને હું મોટુ નહિ કરી શકું .<br>(D) ઝાડને ઉગતાં જ કાપી નાંખવા મારાથી નહિ થાય. | | | |
| (28) | માર્મિક પાસે એંશી રૂપિયા, સંદીપ પાસે એક્સો દસ રૂપિયા અને રીપલ પાસે પાંસઠ રૂપિયા છે. વાક્યના આધારે સાચો જવાબ શોધો. | | | |
| | (A) માર્મિક પાસે રીપલ કરતા ઓછા રૂપિયા છે.<br>(B) સંદીપ પાસે માર્મિક કરતા ઓછા પૈસા છે.<br>(C) સંદીપ પાસે બંને કરતા વધારે પૈસા છે.<br>(D) રીપલ પાસે સંદીપ કરતા વધારે પૈસા છે. | | | |
| (29) | વિરામચિહ્નની દૃષ્ટિએ કયું વાક્ય ખોટું છે? | | | |
| | (A) આહા! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત .<br>(B) તેણે ખેતરોમાં ફરી ફરીને લાલ મરચાં ભેગા કર્યા?<br>(C) કઈ ઋતુમાં ઠંડી લાગે?<br>(D) આકાશમાંથી વરસાદ તૂટી પડ્યો. | | | |
| (30) | વાંદરા ઝાડ પરના ..........ફળો ખાતા . | | | |
| | (A) મીઠુ | (B) મીઠાં | (C) કાચા | (D) મીઠા |

| | | | | |
|---|---|---|---|---|
| (31) | ઉદાહરણ: એક પંખી ઊડતું ઊડતું આવ્યું – ઘણા પંખીઓ ઊડતા ઊડતા આવ્યા. | | | |
| | (A) એને માંડ એક પાંદડું બેઠેલું – એને માંડ એક પાંદડા બેઠેલા | (B) પંખીએ આ કામ કર્યું- પંખીઓએ આ કામ કર્યું. | (C) આજે હું લાડુ ખાઈશ- આજે હું લાડવા ખાઈશ . | (D) એક ચોમાસું છોડ પર વરસ્યું- ઘણાં ચોમાસા છોડ પર વરસ્યા. |
| (32) | મોબાઈલ મળતા બાળક એટલું ખુશ થયું. ....... તેને આખી દુનિયા મળી ગઈ. | | | |
| | (A) જાણે | (B) એવી રીતે | (C) કેવી રીતે | (D) તેથી |
| (33) | સમૂહ દર્શાવતો શબ્દ કયો છે. | | | |
| | (A) પ્રવાસી | (B) વણજાર | (C) સભ્ય | (D) સૈનિક |
| (34) | સૌથી ઓછું આયુષ્ય કયા પ્રાણીનું છે? | | | |
| | (A) ચકલી | (B) મગર | (C) શિયાળ | (D) બકરી |
| (35) | સૌથી વધુ અને સૌથી ઓછું આયુષ્ય ધરાવતી પ્રાણીની જોડ કઈ? | | | |
| | (A) હાથી- ચકલી | (B) હાથી-બકરી | (C) હાથી-મગર | (D) હાથી-શિયાળ |
| (36) | સૌથી વધુ આયુષ્ય અને સૌથી ઓછું આયુષ્ય ધરાવતી વચ્ચે કેટલા વર્ષનું અંતર છે? | | | |
| | (A) 67વર્ષ | (B) 57 વર્ષ | (C) 60 વર્ષ | (D) 56 વર્ષ |
| (37) | સરેરાશ આયુષ્ય 30 વર્ષથી વધુ હોય તેવા કેટલા પ્રાણીઓ છે? | | | |
| | (A) ત્રણ | (B) ચાર | (C) પાંચ | (D) છ |
| (38) | 'પરિશ્રમ કરવાથી સફળતા મળે છે' નો નજીકનો અર્થ કયો હશે? | | | |
| | (A) આળસથી સફળતા મળતી નથી. | (B) ખુબ પરિશ્રમ કરવાથી જ સફળતા મળે તેવું નથી. | (C) મહેનત ન કરીએ તો સફળ ન થવાય. | (D) પરિશ્રમ કરવાથી ઓછી સફળતા મળે છે. |
| (39) | 'મારાથી ગફલત થઇ ગઈ છે'. વાક્યના નજીકનો અર્થ | | | |
| | (A) મારી ક્યારેય ભૂલ ન થાય. | (B) મેં જાણી જોઇને ભૂલ કરી. | (C) મારે કરવી ન હતી પણ મારાથી ભૂલ થઇ ગઈ. | (D) મારાથી ખોટી ભૂલ થઇ ગઈ. |
| (40) | 'બોધરાજ મોટો થઈને પક્ષી નિષ્ણાત બનશે'. વાક્યનો નજીક નો અર્થ શોધો. | | | |
| | (A) બોધરાજ પક્ષીઓનો જાણકાર બનશે. | (B) બોધરાજ પક્ષીઓનો ડોક્ટર બનશે. | (C) બોધરાજ પક્ષીઓને હેરાન નહિ કરે. | (D) બોધરાજ પક્ષીઓને બચાવશે . |
| (41) | કઈ ક્રિયા ચાલુ છે? | | | |
| | (A) હું અહી મહેંદી મુકવાનું શીખીને તને પણ શીખવીશ. | (B) કુદે છે નાજુક ને નમણા હરણાં. | (C) તરલીકા તડકો વાળવા સાવરણી લઈને આવી. | (D) ખિસ્સું ખુશ થઈને નીરજભાઈ ના ખિસ્સા પર બેસી ગયું. |

| | | | | |
|---|---|---|---|---|
| (42) | કયો શબ્દ અલગ પડે છે? | | | |
| | (A) બોલચાલ | (B) મરકમરક | (C) હસતાંહસતાં | (D) રડતાંરડતાં |
| (43) | કવિતામાં જેટલા જીવો ........વાત આવે છે એમાંથી તમને ........ગમ્યું? બંને ખાલી જગ્યા માટે યોગ્ય જોડકું શોધો. | | | |
| | (A) નો-કયો | (B) નું- કયું | (C) ની- કયું | (D) ના- કેવાં |
| (44) | સાચો શબ્દ શોધો | | | |
| | (A) ગંભશ્રર્મતી | (B) ગર્ભશ્રીંમત | (C) ર્ગભશ્રીમંત | (D) ગર્ભશ્રીમંત |
| (45) | સમાન અર્થ વાળા શબ્દોમાંથી ખોટી જોડ શોધો. | | | |
| | (A) દેખાદેખી-દેખીને જતું રહેવું<br>(B) નવજાત- નવી જાતનું | | (C) લારોલાર- એક હારમાં<br>(D) જડબેસલાક-ચુસ્ત | |
| (46) | તરલિકા કહે, આ સાપને તો કોણ ગણે છે? એને તો પૂંછડી ઝાલીને ફંગોળી દઉં. વાક્યનો નજીકનો અર્થ કયો હશે? | | | |
| | (A) તરલિકા સાપથી ડરતી નથી.<br>(B) તરલિકા સાપને પૂંછડીથી પકડી પકડી શકે છે. | | (C) તરલિકા સાપ ગણે છે.<br>(D) તરલિકા સાપની પૂંછડી પકડી ફેકી દે છે. | |
| (47) | ‘આવા દે એને, હું તને કઈ નહિ થવા દઉં’. વાક્ય કયા ભાવ સાથે બોલાયું છે. | | | |
| | (A) ઠપકો | (B) સાહસ | (C) ડર | (D) સલાહ |
| (48) | બહુવચનનું ખોટું જોડકું શોધો . | | | |
| | (A) ગાય-ધણ | (B) ભેંસ-ખાડું | (C) કોથમીર- ધાણા | (D) મોતી- માળા |
| (49) | ‘પ્રભુદાન વાજાપેટી વગાડે છે’. વાક્યમાં “શું” થી પ્રશ્ન બનાવવા કયો શબ્દ નીકળી જશે? | | | |
| | (A) પ્રભુદાન | (B) વાજાપેટી | (C) વગાડે | (D) છે. |
| (50) | સમાનાર્થી શબ્દોની અયોગ્ય જોડ શોધો. | | | |
| | (A) ધમાલચકડી = ધમાલ-ધમાચકડી<br>(B) ભેદડવું = ભેદવું –તોડવું | | (C) હુંફમાવો = હુંફ – શરમાવું<br>(D) પાટીલેટ = પાટી – સ્લેટ | |
| (51) | હીર,તારાથી દુર રહી મમ્મી કેવી રીતે મજામાં હોય? વાક્યનો અર્થ શોધો . | | | |
| | (A) હીર દુઃખી છે. | (B) મમ્મી દુઃખી છે. | (C) મમ્મી મજામાં છે. | (D) બંને મજામાં છે. |
| (52) | હું સ્મિતા. મારી સખી માહી,શૈલી બસમાં અમદાવાદ જવા નીકળ્યા . અહીં કુલ કેટલા વ્યક્તિ અમદાવાદ ગયા ? | | | |
| | (A) બે | (B) ત્રણ | (C) ચાર | (D) પાંચ |
| (53) | કઈ ક્રિયા થઈ ગઈ છે ? | | | |
| | (A) આકાશમાં પક્ષી ઊડે છે.<br>(B) મેં છોતરાં કચરાપેટીમાં નાખ્યા. | | (C) મારા મામા કાલે ઘરે આવશે.<br>(D) હિમાલય પહોંચતા જ બરફના પહાડ જોવા મળશે. | |
| (54) | ‘આ પાઠ ભણ્યા ________ હવે પછી અજાણી વ્યક્તિનું નિરીક્ષણ કેવી રીતે કરશો’? ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | કરો. | | | |
| | (A) અને | (B) પહેલા | (C) પછી | (D) પણ |
| (55) | "તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો". વાક્ય નો સાચો અર્થ શોધો . | | | |
| | (A) તું મોટો છે.<br>(B) હું મોટો છે. | | (C) અહીં બધા સરખા છે.<br>(D) એક નાનો એક મોટો છે. | |
| (56) | છમ છમ કરતું .................વાગ્યું . | | | |
| | (A) ઘંટ | (B) ઝાલર | (C) બંગડી | (D) ઝાંઝર |
| (57) | રીમઝીમ રીમઝીમ વરસે ................ | | | |
| | (A) વરસાદ | (B) પાણી | (C) વાદળ | (D) ફોરાં |
| (58) | "હું શાળાએ જવા નીકળી ત્યાંજ બાએ બૂમ પાડી".વાક્યમાં કઈ ક્રિયા પછી થઈ છે | | | |
| | (A) શાળાએ જવું | (B) બાએ બૂમ પાડી | (B) બા પાસે જવું. | (D) નીકળી. |
| (59) | જંગલમાં રહે તે બધાજ પ્રાણીઓને ............પ્રાણીઓ કહેવાય . યોગ્ય વિકલ્પ પસંદ કરો . | | | |
| | (A) ખૂંખાર | (B) પાલતું | (C) વગડાઉ | (D) હિંસક. |
| (60) | શબ્દબેંકમાં કયા શબ્દો લખીશું? | | | |
| | (A) સમાન અર્થ વાળા | (B) લગભગ સરખા | (C) જાતે શોધેલા | (D) એકમમાં આવેલા |
| (61) | કવિતાના આધારે ખોટી જોડ શોધો. | | | |
| | (A) સપના રે સપના – લોરી<br>(B) અષાઢી સાંજના-વર્ષાગીત | | (C) હું ને ચંદુ – બાળગીત<br>(D) ચાલી નીકળીએ પ્રવાસ-પ્રાર્થના | |
| (62) | "!" આ ચિહ્ન મૂકી શકાય તેવું વાક્ય શોધો. | | | |
| | (A) અમે આ વેકેશનમાં પ્રવાસ જવાના છીએ.<br>(B) તમારે કઈ તારીખે પરીક્ષા છે. | | (C) અરે વાહ તારી શબ્દબેંક તો ભરાઈ ગઈ.<br>(D) શું આ વખતે બાલસૃષ્ટિમાં મારી વાર્તા આવશે. | |
| (63) | કયું વાકય યોગ્ય વિરામ ચિહ્ન સાથે લખ્યું છે? શોધો. | | | |
| | (A) મારા ઘરે મહેમાન આવ્યા છે.<br>(B) દૂધ બગડે ખરું ! | | (C) અરે વાહ! તું તો ખૂબ સરસ ગાય છે?<br>(D) કેટલા મોટા દાંત અને કાન? | |
| (64) | જીનીની મમ્મીને ચાર સંતાન.પહેલું સોમ, બીજું મંગલ, ત્રીજું બુધ, ચોથું ......? | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | (A) ગુરુ | (B) શુક્ર | (C) રવિ | (D) જીની |
| (65) | તમે તમારા પેન્ટ, શર્ટ, ફ્રોક, ટી-શર્ટ કે કોઈપણ .................ને અડીને કહો," થેંક્યું એલીયાસ હોવ." | | | |
| | (A) કાપડ | (B) વસ્ત્ર | (C) દુપટ્ટો | (D) સાડી |
| (66) | મુળનામ અને પાડેલા નામની સાચી જોડ શોધો. | | | |
| | (A) નદી-કાંકરિયા | (B) ઈમારત-પાવાગઢ | (C) વૃક્ષ-ખાખરો | (D) રાજ્ય-જામનગર |
| (67) | ક્યારે અચરજ થશે? | | | |
| | (A) શિયાળામાં ગાલ ફાટી જવા | (B) બકરા શાંતિથી ખીલે બંધાઈને સુતા હતા . | (C) વાદળો પવનની ગાડીમાં બેસીને ફરવા નીકળ્યા. | (D) આજે મને પ્રથમ ઈનામ મળ્યું. |
| (68) | બંધબેસતી જોડમાંથી સાચી જોડ શોધો. | | | |
| | (A) અકુદરતી તત્વો-બકરી | (B) ભાવ દર્શાવતા-શ્વાસ | (C) કુદરતી તત્વો-પ્રાણીઓ | (D) અક્ષર-ગાડી |
| (69) | સાચી જોડણી શોધો. | | | |
| | (A) આરતિ | (B) મતવાલી | (C) ભભુત | (D) વીનંતી |
| (70) | ટાઢો તે ........જેવો વાય વ્હાલો વાયરો. | | | |
| | (A) ઠંડો | (B) હિમ | (C) શીતળ | (D) શીત |
| (71) | નીચે આપેલા વાક્યમાંથી સુચના શોધો. | | | |
| | (A) મારા માટે એક ગ્લાસ પાણી લાવીશ? | (B) અહીં ધુમ્રપાન કરવાની મનાઈ છે. | (C) જા, ચોર શોધી લાવ. | (D) ક્યારની હું તમારી રાહ જોતી હતી. |
| (72) | તમે રોજ પૌષ્ટિક આહાર ખાઓ તો તમે કેવા થઇ જાઓ ? | | | |
| | (A) ખુશખુશાલ | (B) પાતળા | (C) હતાશ | (D) હૃષ્ટપુષ્ટ |
| (73) | "ગણનાપાત્ર" શબ્દમાંથી અક્ષર લઇ બનાવેલ શબ્દમાંથી કયો શબ્દ સાચો નથી. | | | |
| | (A) ગણના | (B) ગણતરી | (C) નાગપાત્ર | (D) નાગણ |
| | વાક્ય વાંચી સાચો વિકલ્પ શોધો. મુખ્ય દરવાજાથી કાર્યાલયે જવું હોય તો રમતના મેદાનમાં થઈને સામે તરફ જવું પડે. હોલ અને કાર્યાલય સામ સામેના ખૂણામાં છે. (પ્રશ્ન 74 થી 77) | | | |
| (74) | લીટી કરેલી આ બધી જ જગ્યા ક્યાં જોવા મળશે? | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | (A) મુખ્ય દરવાજા | (B) કાર્યાલય | (C) મેદાન | (D) <u>શાળા</u> |
| (75) | વાક્યમાં કયો શબ્દ લોન વર્ડ્સ અથવા બીજી ભાષાનો છે? | | | |
| | (A) કાર્યાલય | (B)મુખ્ય | (C) <u>હોલ</u> | (D) મેદાન |
| (76) | હોલ શેની બાજુમાં હશે? | | | |
| | (A) <u>મુખ્ય દરવાજા</u> | (B) કાર્યાલય | (C) રમતનું મેદાન | (D) વર્ગખંડ |
| (77) | અહીં કુલ કેટલી જગ્યાની વાત થયેલી છે? | | | |
| | (A) ત્રણ | (B) <u>ચાર</u> | (C) પાંચ | (D) છ |
| (78) | હર્નીશને ખૂબ .......પરંતુ તે એકનો બે ન થયો. | | | |
| | (A) <u>સમજાવ્યો</u> | (B) સમજાવીશ | (C) સમજી ગયો | (D) સમજી જશે |
| (79) | “શીતળ” શબ્દનો વિરોધી શબ્દ શોધો. | | | |
| | (A) શીતલ | (B) <u>ગરમ</u> | (C) ઠંડુ | (D) નવશેકું |
| (80) | સાચી જોડ શોધો. અક્ષર : શબ્દ ઘડિયાળ :: લોન વર્ડ્સ : ............ | | | |
| | (A) ખુરશી | (B) <u>પેન્સિલ</u> | (C) દફતર | (D) છત્રી |
| (81) | “સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો આંબાની ડાળ” પંક્તિમાંથી વિશેષણ શોધો. | | | |
| (82) | (A) સાંકળ | (B) આંબાની | (C) ડાળ | (D) <u>સોનાની</u> |
| | ઘટના અને સ્થળની બંધબેસતી વિગત વાંચી અયોગ્ય જોડ શોધો. | | | |
| (83) | (A) <u>લોન લઈ ઘર બનાવ્યું-ગ્રામ પંચાયત</u><br>(B) રંગબેરંગી ફુવારા જોયા –બગીચો | | (C) મુશ્કેલી પડે તો સાંકળ ખેંચો - રેલ્વે સ્ટેશન<br>(D) શીરો બનાવવા ખાંડની જરૂર છે-કરીયાણાની દુકાન | |
| (84) | ખોટી જોડ શોધો.<br>(A) અભિનેતા-અભિનેત્રી<br>(B) શિષ્ય-શિષ્યા | | (C) <u>બાપા-બાપુજી</u><br>(D) રંગલો-રંગલી | |
| | નાટકીયા અવાજથી ગદ્ય વાંચો અને પંક્તિઓ ગાઓ. પ્રશ્ન 85 થી 87 | | | |
| (85) | આપેલ બે વાક્યને જોડવા કયો શબ્દ વપરાયો છે? | | | |
| | (A) આપેલ | (B) <u>અને</u> | (C) કરો | (D) યોગ્ય |
| (86) | શબ્દ પૂર્ણ કર્યા પહેલા કઈ ક્રિયા કરવી પડશે? | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | (A) સંવાદ<br>(B) નાટકિયો અવાજ કાઢવો. | | (C) પૂર્ણ કરવું<br>(D) વાંચવું | |
| (87) | કયો શબ્દ વિશેષણ દર્શાવે છે? | | | |
| | (A) નાટકિયા | (B) ગદ્ય | (C) પંક્તિઓ | (D) રમત |
| (88) | કયું વાક્ય અલગ પડે છે? | | | |
| | (A) જા રે બાવા બારે જા<br>(B) કમુ ચા મુક | | (C) જો બુધા ધાબુ ધો<br>(D) લીમડી ગામે ગાડી મલી | |
| (89) | (કોઠો નીચે) ઉપરનો કોઠો જુઓ અને કઈ જોડ સાચી છે તે જણાવો. | | | |
| | (A) અંદામાન - 1,4,3,5 | (B) મંદિર - 3,4,6 | (C) હિંદ નગર- 2,4,5,7,6 | (D) રમજાન -7,3,1,5 |
| (90) | સાચી વાક્યરચના શોધો. | | | |
| | (A) મેં તો સૂરજને પાળ્યો છે.<br>(B) મેં તો સૂરજને પાળ્યું છે. | | (C) મેં તો સૂરજની પાળ્યું છે.<br>(D) મેં તો સૂરજનો પાળ્યું છે. | |
| (91) | આપેલ વાક્યો વાંચો અને સાચો ક્રમ પસંદ કરો. (1) મોટી રિશેષમાં ભોજન લઈ થોડું રમ્યા.(2)સમયસર નિશાળે પહોંચી ગયા.(3)છેલ્લા તાસમાં શિક્ષકે વાર્તા કીધી.(4)પ્રાર્થના પૂરી કરી સૌ પોતપોતાના વર્ગમાં ગયા. | | | |
| | (A) 3,2,1,4 | (B) 2,4,1,3 | (C)1,2,3,4 | (D) 2,3,1,4 |
| (92) | યોગ્ય જોડ શોધો. | | | |
| | (A) હાથીની –પગ | (B) હાથીનો-પુંછડી | (C) હાથીનું-શરીર | (D) હાથીના-સુંઢ |
| (93) | મૂરખ કોણ?શોધો. | | | |
| | (A) મયૂર: બેન હું જ્યાં જાઉં ત્યાં ચાંદો મારી સાથે સાથે આવે છે.<br>(B) ઝૂલી: મેં તો તડકો પકડવા મોટો સાણસો લીધો. કેમ કે દાઝી નાં જવાય.<br>(C) દિવ્યા: થાક લાગ્યો એટલે હું તો માથે હાથ દઈને બેઠી.<br>(D) સિદ્ધરાજ: એક કામ કર, તું મને પ્રશ્ન પૂછ હું તને જવાબ આપું. | | | |
| (94) | ખોટી જોડ શોધો. | | | |
| | (A) રમત - હુતુતુતુ | (B) યોગ - ધ્યાન | (C) પરીક્ષા - પ્રશ્નો | (D) જાનવર - પતરંગો |

Table for (89):

| અ | હ | મ | દ | ન | ગ | ર |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |

| | | | | |
|---|---|---|---|---|
| (95) | નીચે આપેલો ફકરો વાંચી પ્રશ્નના યોગ્ય જવાબ શોધો.<br>અજમેર<br>દિનાંક : 07/05/2018<br><br>વહાલી મોટીબેન શબાના, હેલ્લો,<br><br>તમે કેમ છો? હું અહીં મજામાં છું. મોટી બેન, મારી રજાઓ આજથી શરૂ થાય છે. હું આપણી નાનીના ઘરે 10/05/2018ના રોજ જવાનો છું. હું 20/05/2018ના રોજ પાછો આવીશ. મારી શાળા 04/06/2018ના રોજ ફરીથી ખુલશે. તમારે ક્યારે રજાઓ પડે છે? તમે અહીં ન આવી શકો? આપણે ખૂબ મઝા કરીશું.<br><br>આવજો .<br>અલી | | | |
| (95) | કાગળ કેટલા વર્ષ પહેલાં લખાયેલ છે? | | | |
| | (A) પાંચ | (B) છ | (C) સાત | (D) આઠ |
| (96) | નાની એટલે? | | | |
| | (A) પપ્પાની મમ્મી | (B) અલીની મમ્મી | (C) નાની બહેન | (D) મમ્મીની મમ્મી |
| (97) | અહીં ક્યા વેકેશનની વાત છે? | | | |
| | (A) ઉનાળુ વેકેશન | (B) દિવાળી વેકેશન | (C) નવરાત્રી વેકેશન | (D) નાતાલનું વેકેશન |
| (98) | વેકેશન કેટલા દિવસનું છે? | | | |
| | (A) 25 દિવસ | (B) 26 દિવસ | (C) 27 દિવસ | (D) 28 દિવસ |
| (99) | વેકેશન કઈ તારીખ સુધી છે? | | | |
| | (A) 03/06/2018 | (B) 04/06/2018 | (C) 10/5/2018 | (D) 20/5/2018 |
| (100) | મારી રજા આજથી શરૂ થાય છે. આજ એટલે ? | | | |
| | (A) 07/05/2018 | (B) 10/05/2018 | (C) 20/05/2018 | (D) 04/05/2018 |
| (101) | આ ફકરાને શું કહીશું? | | | |
| | (A) રજા ચિઠ્ઠી | (B) પત્ર | (C) ફકરો | (D) વાર્તા |

| | |
|---|---|
| | નીચેના ફકરા પરથી પ્રશ્નો ના જવાબ આપો.<br>નંદિનીના મનમાં વારેઘડીએ એકના એક જ વિચાર આવતા હતા : પહેલાં બધું કેટલું સારું હતું! મમ્મી રોજ સવારે ઉઠાડતી, દૂધ અને ગરમાગરમ નાસ્તો આપતી. હું નાહી, ધોઈને થોડું ઘણું વાંચતી, લખતી. વળી જમી-પરવારીને નિશાળે જતી. નિશાળેથી આવીને વળી કંઈક ખાતી. રાત્રે પણ મમ્મી સ્વાદિષ્ટ રસોઈ બનાવતી. હું મમ્મીને કચરાં, પોતાં, વાસણ, કપડાં, કરવા લાગતી પણ મોટાભાગે તો ભણતી અને રમતી. મમ્મી સાજી નરવી હતી ત્યારે તો ઘરનું બધું કામ ચપટીકવારમાં થઈ જતું. હવે તો બધાં કામ મારે જ કરવાં પડે છે. |
| (102) | નંદિનીની મમ્મીને શું થયું હશે? |
| | (A) મૃત્યુ થયું હશે? (B) બહારગામ ગયા હશે? (C) બીમાર હશે? (D) બજાર ગયા હશે? |
| (103) | નંદિનીને હવે ઘરનું કામ કેમ જાતે કરવું પડતું હશે? |
| | (A) તેની મમ્મી મૃત્યુ પામી હશે.<br>(B) તે મોટી થઇ ગઈ છે એટલે.<br>(C) તેની મમ્મી બીમાર હશે.<br>(D) મમ્મી બહારગામ ગયા હશે. |
| (104) | પહેલાં બધું કેટલું સારું હતું? તેનો અર્થ નીચેનામાંથી શું હોઈ શકે? |
| | (A) પહેલાં ઘરે નોકરચાકર કામ કરતાં હતા.<br>(B) મમ્મી બધું જ કામ કરી લેતી હશે.<br>(C) નંદિનીને કામ નહોતું કરવું પડતું.<br>(D) નંદિનીને સ્વાદિષ્ટ રસોઈ તૈયાર મળતી હતી એટલે |
| (105) | હવે તો બધું જ કામ મારે જ કરવું પડે છે.આવું નંદિની એ કેમ કહ્યું હશે? |
| | (A) તેની મમ્મી હવે કામ કરી શકે તેમ નહતી<br>(B) તેની મમ્મી બીમાર હતી.<br>(C) તેને શાળાએ જવું ગમતું નહોતું<br>(D) તે બધા જ કામ ચપટીકવારમાં કરી શકતી હતી. |
| (106) | સાજી નરવી એટલે શું? |
| | (A) સારી<br>(B) નવરી<br>(C) બીમાર<br>(D) તંદુરસ્ત |
| | નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.<br>ગોપાલ ગાડામાં ચડયાં અને બળદ હાંકવા માંડયા. બળદોને ખબર પડી ગઈ કે ગાડામાં બાપુ કે કાકા નથી. તે તો મસ્તીએ ચડ્યાં જોશભેર દોડવા માંડ્યા. ગાડું ઊછળવા માંડ્યું અને સાથે સાથે અમે, પણ. બળદોની રાશ અમારા હાથમાંથી છૂટી ગઈ. કોઈ ટામેટાં, દૂધી, બટાકાની જેમ અમે ગાડામાં અફળાવા માંડ્યા. ઘરેથી ખેતરે પહોંચતાં જે બળદોને દસ મિનિટ થતી તે બે મિનિટમાં જ પહોંચી ગયા. ખેતરમાં ઊભેલા કાકાને થયું કે 'આ શું વાવાઝોડું આવે છે!' તેમણે અમને ગાડામાં ઊછળતા જોયા ત્યારે તેમને વાત શી છે તે સમજાયું. |
| (107) | બળદગાડું ખેતરે કેમ લઇ ગયા હશે? |
| | (A) કાકા અને બાપુને લેવા.<br>(B) ખેતરેથી શાકભાજી લાવવા.<br>(C) બાળકોને હાંકવાની મજા આવતી હતી એટલે.<br>(D) પાકેલો મોલ ગાડામાં ભરી ઘરે લાવવા માટે. |
| (108) | અહી "વાવાઝોડું"શબ્દ એટલે શું અર્થ થાય? |
| | (A) પવન અને ધૂળની ડમરી<br>(B) ફાસ્ટ આવતું બળદગાડું<br>(C) જોરથી પવન સાથે વરસાદ<br>(D) બુમો પાડીને આવતા બાળકો. |

| | | | | |
|---|---|---|---|---|
| (109) | ઘરેથી ખેતરે જલ્દી પહોચ્યા એવું શા પરથી કહી શક્યા? | | | |
| | (A) બળદ મસ્તીએ ચઢ્યા હતા એટલે.<br>(B) બાળકો જોશભેર હંકારતા હતા એટલે<br>(C) <u>ઘરેથી ખેતરે પહોંચતા રોજ કરતા ઓછો સમય લાગ્યો એટલે.</u><br>(D) બળદની રાશ હાથમાંથી છૂટી ગઈ એટલે. | | | |
| (110) | ફકરામાં કેટલા વ્યક્તિઓ વિશે વાત છે? | | | |
| | (A) બે | (B) ત્રણ | (C) <u>ચાર</u> | (D) પાંચ |
| (111) | <u>અમે</u> ગાડામાં અફળાવા માંડ્યા. લીટી કરેલ શબ્દ ની જગ્યા એ કયો શબ્દ મુકીએ તો પ્રશ્ન બને. | | | |
| | (A) તમે | (B) ક્યારે | (C) શું | (D) <u>કોણ</u> |
| (112) | અમે ગાડામાં અફળાવા માંડ્યા.. અમે એટલે કોણ? | | | |
| | (A) ગોપાલ | (B) કાકા | (C) <u>બાળકો</u> | (D) દુધી બટાકા |
| (113) | ઘટના પહેલા શું બન્યું હશે? મિહિર અચાનક ચીસાચીસ કરવા માંડ્યો. | | | |
| | (A) તેણે જોકર જોયો હશે.<br>(B) તેની મમ્મીએ માર્યું હશે . | | (C) તેને ગેમ રમવા મોબાઈલ લેવો હતો.<br>(D) <u>તેણે દફતરમાં ગરોળી જોઈ હશે.</u> | |
| (114) | સમૂહ દર્શાવતો શબ્દ કયો છે. | | | |
| | (A) પ્રવાસી | (B) <u>વણજાર</u> | (C) સભ્ય | (D) સૈનિક |
| (115) | ચોમાસામાં ખુબ વરસાદ પડતા જ ગામના બધા કુવામાં પાણી <u>ઓસરી ગયા</u>. લીટી કરેલા શબ્દને આધારે વાક્યમાં ભૂલ છે સાચું વાક્ય શું હશે શોધો. | | | |
| | (A) ચોમાસામાં ખૂબ વરસાદ પડતા જ ગામના બધા કુવામાં પાણી ભરાઈ ગયા,<br>(B) <u>ચોમાસામાં ઓછો વરસાદ પડતાં જ ગામના બધા કૂવામાં પાણી ઊંડા ઉતરી ગયા.</u><br>(C) ચોમાસામાં ખુબ વરસાદ પડતા જ ગામના બધા કૂવામાં પાણી ઉભરાઈ ગયા.<br>(D) ચોમાસામાં ખુબ વરસાદ પડતા જ ગામના બધા કૂવામાં પાણી સુકાઈ ગયા. | | | |